# સોશિયલ મીડિયા.કોમ

રોજ સળગવું પડે છે એક દિવસ ઝળહળવા માટે.

●

શરીર સુંદર હોય કે ન હોય, શબ્દો સુંદર રાખજો. કારણ કે લોકો ચહેરા ભૂલી જાય છે, શબ્દો યાદ રાખે છે.

●

બર્થ-ડે શું છે ? આ સવાલ બીબીસી વર્લ્ડના એક કાર્યક્રમમાં વિશ્વના તમામ મહાનુભાવોની ઉપસ્થિતિમાં પૂછવામાં આવ્યો હતો. સૌથી સુંદર જવાબ ડૉ. અબ્દુલ કલામે આપ્યો હતો. એમણે કહ્યું હતું : બર્થડે તમારી જિંદગીનો એકમાત્ર એ દિવસ છે જ્યારે તમારા રૂદનનો અવાજ સાંભળીને તમારી મા હસી હતી. એ પછી એવો દિવસ ક્યારેય નથી આવતો કે જ્યારે બાળકના રડવા પર મા હસે.

●

જે લોકો બીજાને પોતાની દુઆઓમાં સામેલ કરે છે, ખુશીઓ સૌથી પહેલાં એમના જ દરવાજા પર પહોંચે છે.

●

ચકી ગોઠવે તે સળી અને હું ગોઠવું સોફાસેટ,
ચકીનું ઘર તે ગોખલો, અને મારું ઘર તે ફ્લેટ.
ચકી લાવે ચોખા દાણો, ચકો લાવે બસ દાળ.
હું મથું આખો મહિનો, અને લાવું તે પગાર.
ચકો ચકી મજા કરે, આખો દિ' ચીં ચીં કરે.
અમે બંને ડોબા જેવા, ટીવી મોબાઈલને ખોળે.
નાનાં નાનાં બચ્ચાં બે, પછી માળો કરે કિલ્લોલ.
અમે બે સાવ એકલા અને ઉદાસીનું હલ્લાબોલ.
બંને બચ્ચાં મોટા થયાં, લઈ પાંખો એ ઉડી ગયા.
સંસાર બધો સરી ગયો, ચકો ચકી એકલાં રહી ગયા.
અમે બંને અબુધ જેવા, ફોનની રાહ જોયા કરીએ.
ચકા ચકીમાંથી શીખ્યા વિના અમથા અમથા રોયા કરીએ.
ઘડી બે ઘડીનો સંસાર એમનો, પછી ઉડી જવું માયા બધી મૂકી.
આટલું અમથું અમે શીખ્યા નહીં, છૂટ્યું બધું.....
માયા તોય ના છૂટી !

●

ચહેરાની ચમક અને ઘરની ઊંચાઈઓને ન જોશો.
ઘરના વડીલોના ચહેરા જો હસતા દેખાય
તો માની લેજો કે અમીરો અહીં રહે છે.

●

તો માની લેજો કે અમીરો અહીં રહે છે.

●

અંગ્રેજી એ ફોર એપલથી શરૂ થાય છે અને ઝેડ ફોર ઝીબ્રા (જાનવર) બનાવીને છોડે છે.
ગુજરાતી વિશ્વની એકમાત્ર ભાષા છે, જે અ-અભણથી શરૂ થાય છે અને જ્ઞ-જ્ઞાની બનાવીને છોડે છે.

●

દરેક અસંતોષનું એકમાત્ર કારણ છે - સરખામણી.

●

ચામાં ખાંડ નાખી દેવાથી ચા મીઠી થાય કે ખાંડ ઓગળવાથી ચા મીઠી થાય ? બસ, એટલો જ તફાવત છે સાથે રહેવામાં અને સાથે જીવવામાં.

●

વીતી જશે આ સમય પણ. બસ, ધીરજ રાખો સાહેબ, સુખ ના ટકી શક્યું તો દુખની શું ઓકાત છે !

●

ખુશ રહેવાનો મતલબ એ નથી કે તકલીફ નથી. એનો મતલબ એ છે કે તમે તકલીફથી આગળ વધવાનો નિર્ણય કરી લીધો છે.

●

ગમી જઈએ છીએ આપણે ઘણાને એ પણ ગમતું નથી ઘણાને...

●

દિવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું....
જ્યાં મુકો ત્યાં અજવાળું કરે છે !

●

જિંદગી ત્યારે સફળ ગણાય
જ્યારે તમારો પરિચય તમારે ના આપવો પડે !

●

ઉંમર સાથે કંઈ લેવા-દેવા નથી
એકબીજાના વિચારો મળે ત્યાં જ દોસ્તી થાય છે.

●

હક વગરનું લેવાનું મન થાય છે, ત્યારે મહાભારતનું સર્જન થાય છે. પરંતુ હકનું હોય છતાં પણ છોડી દેવામાં આવે છે ત્યારે રામાયણનું સર્જન થાય છે.

●

શબ્દો તો હંમેશાં સંવેદનાથી છલોછલ હોય છે. તેમને છંછેડવા,
છેતરવા, છાવરવા, છુપાવવા કે છલકાવવા
એ નક્કી આપણે કરવાનું હોય છે.

●

આપણે માફ તો વારંવાર કરીએ છીએ
પણ ભરોસો તો એક જ વાર કરીએ છીએ.

●

કેમ કરીને રહી શકે ફૂટપટ્ટીમાં,
ઈચ્છાઓ હંમેશાં માપ બહારની હોય છે.

●

દુનિયામાં જો કોઈ સમયસર
આવતું હોય તો તે ખુદ સમય છે.

●

ખોવાઈ ગયેલી વ્યક્તિ મળી શકે, પણ
બદલાઈ ગયેલી વ્યક્તિ ક્યારેય મળતી નથી.

●

અભિમાન અને પેટ જ્યારે વધે છે
ત્યારે વ્યક્તિની ઈચ્છા હોવા છતાં પણ બીજાને ભેટી નથી શકતો.

●

જબરી ચીજ બનાવી છે ધન,
મોટા ભાગનાનું ભેગું કરવામાં જ નિધન થઈ જાય છે.

●

જિંદગીને સરળ નહીં, માત્ર પોતાની જાતને મજબૂત બનાવવી પડે છે
યોગ્ય સમય ક્યારેય નથી આવતો, સમયને યોગ્ય બનાવવો પડે છે.

●

સંબંધો એવા બનાવજો કે જેમાં શબ્દો ઓછા અને સમજ વધુ હોય
વિવાદ ઓછા ને સંવાદ વધુ હોય, પુરાવા ઓછા ને પ્રેમ વધુ હોય.

●

જે આજે તમારી સાથે છે એમની કદર કરતાં શીખો. નહીંતર જિંદગી આવતીકાલે એમને તમારાથી દૂર કરી દેશે અને જબરદસ્તી કદર કરતાંય શીખવશે.

●

પ્રિયતમ હતા કદિક એ અમારા નથી રહ્યા,
દિલદાર હતા કદિક એ અમારા નથી રહ્યા.
ઊડી ગયું એ પંખી, દિલ ખાલી થઈ રુવે,
સાથીના એ સથવારા, હુંફાળા નથી રહ્યા.
વહે આંસુઓની સાથે જે આપણા હતા,
સપના તમારા આજે અમારા નથી રહ્યા.
ચમકો ભલે આકાશે, વાટ મારી ના જુઓ,
લીધા તમે જે રસ્તા, અમારા નથી રહ્યા.
લપટાઈ ચાંદનીમાં ભૂલ્યો ઓ ચાંદ તું મને,
સહારા તારા પ્યારના સાચા નથી રહ્યા.
માંડી જો નથી એક નજર તેં અમાવસે,
જાણ્યું અમે ઓ ચાંદ તમે અમારા નથી રહ્યા.

### આદર્શ નિવાસી શાળા ખાતે રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત

# શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨

આદર્શ નિવાસી શાળા (અજા કુમાર), સૅક્ટર-૮, ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું કરવામાં આવ્યું હતું. અર્બન હૅલ્થ સૅન્ટર, સૅક્ટર-૨, ગાંધીનગરના મૅડિકલ ઑફિસર ડૉ. ઈશા, ડૉ. યેશા ટેલર, ડૉ. પૂજા ખત્રી, તેમના સહયોગી ફિમેલ હૅલ્થ વર્કર જિજ્ઞાસાબેન મકવાણા તથા ફાર્માસીસ્ટ અવનીબેન પટેલની ટીમ તથા મુખ્ય મહેમાન તરીકે નગર સેવક નાઝાભાઈ ઘાંઘર વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તથા મૅડિકલ ટીમનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત શાળાના આચાર્ય જી કે સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. પૂજાએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. મુખ્ય મહેમાન નાઝાભાઈ ઘાંઘરે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે અભ્યાસ સાથે રમતગમત, ધાર્મિક પ્રવૃત્તિ કરવી, જાપ, પૂજાપાઠ કરવો, જીવનમાં વ્યસન ન કરવું, સારા મિત્રોનો સંગ કરવો તેમજ તેમણે રમતગમત ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓની પણ વાત કરી હતી. ત્યારબાદ આવેલ ડૉક્ટર તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી કરી જરૂરી દવાઓ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં નગરસેવક અર્બન હૅલ્થ સૅન્ટરની સમગ્ર ટીમ અને શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માઉન્ટ આબુ ઍડવૅન્ચર કૅમ્પમાં

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે તા. ૨૦ નવેમ્બરથી તા. ૨૩ નવેમ્બર સુધી માઉન્ટ આબુ ખાતે ઍડવેન્ચર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૫થી ૮ના ૪૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ચાર દિવસના કૅમ્પ દરમિયાન વિદ્યાર્થીઓએ ટૅન્ટમાં રાત્રીઓ ગાળી હતી અને સાથે સાથે રોપ ક્લાઈમ્બિંગ, રૉક રેપલીંગ, જંગલમાં ટ્રેકિંગ સાથે પર્વતારોહણ કરી સાહસિક અને રોમાંચકતાનો અનુભવ કર્યો હતો. વિદ્યાર્થીઓએ જાણકાર શિક્ષકો દ્વારા જંગલની વનસ્પતિ અને પ્રાણીઓનાં જીવન વિશે રસપ્રદ માહિતી મેળવી હતી. ઍડવેન્ચર કૅમ્પ દરમિયાન વિદ્યાર્થીઓએ માઉન્ટ આબુમાં નખીલેક, સનસૅટ પોઈન્ટ વગેરે સ્થળોનું નિદર્શન કરી વિશેષ આનંદ પ્રાપ્ત કર્યો હતો.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન ખાતે ટૅકનોલોજી ઈન ઍજ્યુકેશન વિષયે નૅશનલ વર્કશૉપ




ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે પ્રૉ. વીણાબેનપ ટેલના ડિરેક્ટરપદ હેઠળ તા. ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ ઍડવાન્સ યુઝ ઑફ ટૅકનોલૉજી ઈન ઍજ્યુકેશન વિષયે બે દિવસીય નૅશનલ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્કશૉપના આરંભે ડૉ. કુસુમબેન યાદવે ઉપસ્થિત મહેમાનોનો શાબ્દિક પરિચય આપી તેમનું સ્વાગત કર્યું હતું. વર્કશૉપના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. કેયુરભાઈ શાહે શિક્ષણમાં આઈટીની ઉપયોગીતા છે પણ શિક્ષકનું મહત્ત્વ તેનાથી વધારે છે એમ જણાવ્યું હતું. કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે ન્યુ ઈન્ડિયા કઈ રીતે બનાવી શકાય તેની રજૂઆત કરી વર્કશૉપમાં ઉપસ્થિત સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ વર્કશૉપમાં ટૅકનોલૉજી ફૉર ઈન્સ્ટ્રક્શન, ટૅકનોલૉજી ફૉર ઍજ્યુકેશન રિલેટેડ સર્વિસ, ટૅકનોલૉજી ફૉર ઍસેસમૅન્ટ, લર્નિંગ ઍપ્લીકેશન્સ યુટિલિટી વગેરે વિષયો પર વિવિધ સૅશન યોજવામાં આવ્યાં હતાં.

ઉપસ્થિત તજ્જ્ઞ ડૉ. શિવાંગ પટેલ, ચિરાગ દોશી, ધવલ દોશી, ડૉ. દિવ્યા શર્મા અને ડૉ. રાકેશ ડામીરે રસપૂર્વક વિષયોની સમજ આપી હતી. આ વર્કશૉપમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, બિહાર, ઉત્તરપ્રદેશ, જમ્મુ-કાશ્મીર જેવાં રાજ્યોમાંથી આવેલા ૭૬ જેટલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. વર્કશૉપના સંયોજક તરીકે ડૉ. દેવાંગભાઈ મહેતાએ જવાબદારી અદા કરી હતી.

## વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે સંવેદી યુવાનનું અનોખું કાર્ય

ગાંધીનગર, તા. ૨

૩જી ડિસેમ્બર ને સોમવારે દુનિયામાં વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી હાથ ધરાશે. અલબત્ત, આ ઉજવણીની શરૂઆત ગાંધીનગરમાં તો અગાઉથી જ થઈ ગઈ છે.

માનસિક દિવ્યાંગ વ્યક્તિઓ માટે ગ્રો ફાઉન્ડેશન અને અન્ય સંસ્થાઓના બૅનર તળે પ્રવૃત્તિરત તથા વિશિષ્ટ શિક્ષક જિજ્ઞેશ રાવલે જિલ્લાભરમાં કાર્યરત દિવ્યાંગો માટેની સ્કૂલ્સનો ડેટા એકત્ર કર્યો છે અને ફેસબૂક પર જાહેર પણ કર્યો છે. જિલ્લામાં કઈ સંસ્થા, ક્યાં કાર્યરત છે, તેના સંચાલક કોણ છે અને સંસ્થામાં કઈ-કઈ સુવિધાઓ તથા કઈ-કઈ પ્રવૃત્તિઓ છે તે અંગેની તમામ માહિતી તેમણે આ ડેટામાં સમાવી છે.

જિજ્ઞેશ રાવલના ફેસબૂક પેજ પર આ માહિતી સૌકોઈ જોઈ શકે છે અથવા તેમની પાસેથી (મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦) વોટ્સએપ દ્વારા પણ કોઈપણ નાગરિક આ ડેટા મેળવી શકે છે એવી જાહેરાત તેમના દ્વારા કરવામાં આવી છે.

### ગાંધીનગરની બીબીજી કૉલેજના ૧૨૮ વિદ્યાર્થીઓ દ્વારા

# એશિયાની પ્રતિષ્ઠિત અમુલ ડેરી અને ઍનડીડીબીની મુલાકાત



ગાંધીનગર, તા. ૨

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગિક મુલાકાત માટે ગાંધીનગર ખાતેની પ્રતિષ્ઠિત અમુલ ડેરીમાં લઈ જવામાં આવ્યા હતા. વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનના વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન ૧૨૮ વિદ્યાર્થીઓ માટે દિવસ અલગ અલગ મુલાકાત ગોઠવવામાં આવી હતી. પ્રત્યેક દિવસે ૩૨-૩૨ વિદ્યાર્થીઓની ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઍનડીડીબી ખાતે સમગ્ર મુલાકાતમાં ચૌહાણભી તથા દિવ્યરાજ બ્રહ્મભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને 'પ્લાન્ટ લે આઉટ' તેમજ ઉત્પાદનના વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવું તેમજ 'પ્લાન્ટ લે આઉટ'ની ગોઠવણી કેવી રીતે કરવી તેની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી, જેથી પ્લાન્ટ અને પ્રોડક્શન પ્રક્રિયાથી વાકેફ થાય. આમ વિદ્યાર્થીઓએ કૉલેજમાં અભ્યાસ કરતા વિવિધ વિષયો અને વર્ગખંડમાં પ્રાપ્ત કરેલ જ્ઞાનનો તુલનાત્મક રીતે પ્રેક્ટિકલ અમલીકરણનો અભિગમ કેળવવો તેમજ કૉર્પોરેટ લીડર તરીકે પ્રસ્થાપિત થાય તેવી લર્નિંગ વૅલ્યૂ શીખ્યા હતા તેમજ સંપૂર્ણ વિઝિટનો રિપોર્ટ બનાવી કૉલેજને સુપ્રત કર્યો હતો.

આ વિઝિટને સફળ બનાવવા અમુલ ડેરીનો સહકાર મળ્યો હતો. ડેરીના અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કરવામાં આવ્યા હતા. સમગ્ર વિઝિટનું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, ઈન-ચાર્જ ડૉ.જયેશ તન્ના તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા અને પ્રો. અમિતા પ્રજાપતિ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



**આરવ હાર્દિકકુમાર ભટ્ટ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ટ્રેનની વેઈટિંગ ટિકિટ કન્ફર્મ થતાં વોટ્સએપથી જાણ કરાશે

અમદાવાદ, તા.૨

ટ્રેનમાં સીટ ખાલી હોય ત્યારે વેઈટિંગમાં હોય તેવા મુસાફરોને હવે ટ્રેનમાં સરળતાથી જ સીટ મળી જશે, કારણ કે વેઈટિંગ ટિકિટ કન્ફર્મ થશે કે નહીં એ રેલવે મુસાફરોને જણાવશે. ટૂંક સમયમાં જ પશ્ચિમ રેલવે ટિકિટ ચેકરને એચએચટી એટલે કે હેન્ડ હેલ્ડ ટર્મિનલ ડિવાઈસ આપશે.

આ ડિવાઈસ સીધી રીતે રેલવે સૉફ્ટવેર સાથે જોડાયેલ હોવાથી ટ્રેનમાં સીટ ખાલી રહેશે તો ટિકિટ ચેકર વેઈટિંગ લિસ્ટના મુસાફરોને સીટ આપી દેશે એટલું જ નહીં, પેસેન્જરને વોટ્સએપ પર મેસેજથી જાણ કરાશે. જે તે સ્થળે ટ્રેન પહોંચશે તો તેની આગળના સ્ટેશનના મુસાફર કરન્ટમાં પણ ખાલી સીટનું બુકિંગ કરાવી શકશે, કારણ કે છેલ્લી ઘડીએ ટિકિટ કેન્સલ કરાવનારા મુસાફરની માહિતી પણ ડિવાઈસમાં દેખાશે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૪૩મો મણકો ॥**

ગોળમેજી પરિષદ યોજાઈ તો ખરી પણ એ પહેલાં તેના અંગેની ભૂમિકા અંગ્રજોના મનમાં અને ગાંધીજીના મનમાં પણ સ્પષ્ટ હતી. અંગ્રેજોને એ સાબિત કરવું હતું કે અમે ગોળમેજી પરિષદમાં કોંગ્રેસને નિમંત્રી, પણ કોંગ્રેસના નેતાઓ વચ્ચે જ એકમતિ નથી, અનેક બાબતો માટે તેઓ અંદરોઅંદર લડે છે તેથી તેઓ સ્વરાજને લાયક નથી.

અને ગાંધીજીના મનમાં એ બાબત સ્પષ્ટ હતી કે ઈંગ્લેન્ડની પ્રજા મુત્સદ્દીઓ જેવી નથી, પ્રજા સારી છે. તેઓ ઈંગ્લેન્ડમાં ૩ વર્ષ રહ્યા હતા તેથી ત્યાંની પ્રજાનો પરિચય હતો તેમને. તેથી તેઓ માનતા હતા કે પ્રજાના મનમાં પોતાની વાત ઉતારવી. તેમણે પોતાના સાથીઓને સૂચના પણ આપી રાખી હતી : 'ધ્યાન રાખજો, આપણે આ પ્રજાનું દિલ જીતવાનું છે.'



ગાંધીજીએ કોંગ્રેસને પણ સૂચના આપી હતી કે તમે રખે એવું માનતા કે આ લોકો આપણને સ્વરાજને લાયક નથી માનતા અને આપણને છેતરવા માટે ચર્ચા કરે છે. આપણા દેશમાં બેઠેલા એમના પ્રતિનિધિઓએ એમને આપણા વિશે જે વાત કરી છે એનાથી તેમના મનમાં આપણા વિશે આ છાપ સર્જાઈ છે અને એટલે તેઓ એમ માને છે કે આપણે સ્વરાજને લાયક નથી. તેથી તેમનો ઈરાદો નથી એમ માનીને તમે ચર્ચામાં ન જોડાશો. તેમનો ઈરાદો ન જોશો, પણ આપણા વિશે તેમને જે ગેરસમજ છે તે દૂર કરવાનો પ્રયાસ કરી પ્રામાણિકપણે ચર્ચા કરશો.

આમ કહેવાનો ગાંધીજીનો આશય એટલો જ કે તમે સામેના પક્ષના હેતુને સારો ન માનો તો પોતાની વાત તેને ગળે ઉતારી જ ન શકો. પણ હેતુને પ્રામાણિક માનીને જો વાતને સારી રીતે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવે તો વિરોધી વાતનેય સારી રીતે સમજાવી શકાય. વાતમાં પહેલેથી જ 'આવું છે ને તેવું છે' એવું હેતુ આરોપણ કરનાર પોતાના તર્કને નબળો પાડે છે, એમ ન થાય તેથી ગાંધીજીએ પ્રતિનિધિઓને પહેલેથી જ સાવચેત કરેલા.

150 ગાંધીયાત્રા

જે ભૂમિકા બેઉ પક્ષના મનમાં સ્પષ્ટ હતી તે રીતે બંને વર્ત્યા પણ ખરા. ગાંધીજીના મનમાં હતું કે પ્રજાનાં મન જીતવાં છે અને અંગ્રેજોના મનમાં હતું કે ગમે તેમ કરીને તેમનામાં એકમતિ નથી એવું સાબિત કરીને તેમને ફજેત કરવા છે. તેથી અંગ્રેજોએ ગાંધીજીની ખિલ્લી ઊડાવવાનું શરૂ કર્યું. ઈંગ્લેન્ડમાં ગાંધીજીની ખિલ્લી ઊડાડવામાં અંગ્રેજોએ કોઈ કસર નહોતી રાખી. છાપાઓ પણ તેમાં જોડાયા અને તેમનો વ્યંગ કરતા લેખો અને કાર્ટૂનોની ભરમાર ચાલી હતી. આખી જિંદગીમાં ગાંધીજી ઉપર જેટલાં કાર્ટૂનો નહોતાં બન્યાં તેટલાં આ એક ટ્રીપ દરમ્યાન બન્યાં હતાં. ગાંધીજીને ગમે તેવા ચીતરીને પ્રજાના મનમાં એવી છાપ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે આવો એક વિચિત્ર માણસ (ઘૂંટણ સુધીનું ધોતિયું પહેરનારો, ઉઘાડો, બકરી રાખનારો...) આપણે ત્યાં આવ્યો છે. પરંતુ ગાંધીજી પોતે વિનોદ કરવામાં ક્યાં નબળા હતા ? તેમનામાં એટલી તાકાત હતી કે તેઓ પોતાની જાત ઉપર જ હસી શકતા હતા. અને આ જ કારણે તેઓ આ બધા પ્રસંગોને આસાનીથી પહોંચી વળતા. તેઓ પહોંચી વળતાં તેથી તેની વાત નથી કરતો. પણ વાત ગોળમેજીની.

લૉર્ડ સેન્કી કે જે ગોળમેજી પરિષદના પ્રમુખ હતા તેમણે પોતાનાં સંસ્મરણોમાં નોંધ્યું છે : '(પરિષદમાં) અમે પડખે-પડખે બેઠા હતા. દુર્ભાગ્યે અમારા વિચારો સંમત ન હતા. પરંતુ ગાંધીજીએ જે કામ હૉલની અંદર કર્યું તેના કરતાં હૉલની બહાર બહુ મોટું કામ કર્યું હતું.' અને આ વાત સાચી પણ હતી, તેમણે હૉલની બહાર ખરેખર બહુ કામ કર્યું હતું.

જોકે, અંગ્રેજોએ પરિષદને સફળ થવા દીધી નહોતી. અગાઉ જે વિવાદો તેમણે ઊભા કર્યા હતા એમાં આ વખતે વળી નવી વાત ચલાવી હતી કે દલિતોને પણ અલગ મતદાર મંડળ મળવું જોઈએ. આમ, તેમણે આ બાબતે નવો વિવાદ ઊભો કર્યો હતો. આ પરિષદની બહુ વિગતોમાં નથી પડતા. પણ હા, પરિષદની વિગતો વિશે જાણવું હોય તો તે છ દ્ર્ટ્રૈંહ'જ ફૈંષ્ઠી નામના પુસ્તકમાં છે, જેનું સંપાદન કુમારપ્પા અને રાજગોપાલાચાર્યએ કર્યું છે. મહાદેવભાઈ દેસાઈની ડાયરીમાંથી મોટાભાગે આ પુસ્તકમાં લેખો લેવામાં આવ્યા છે.

એ દિવસોમાંય બીજાં કામોની સાથે મહાદેવભાઈની ડાયરી તો ચાલતી જ રહેતી. ગાંધીજી ઊઠે તેનાથી થોડા વહેલા મહાદેવભાઈ ઊઠે અને ગાંધીજી સૂવે એની થોડીવાર પછી મહાદેવભાઈ સૂવે એવો એમનો નિત્યક્રમ. અને એ દિવસોમાં ગાંધીજીની દિનચર્યા ૧૮થી ૧૯ કલાકની ! એમાંય અઠવાડિયામાં એક દિવસ તો એવો આવે કે મહાદેવભાઈની દિનચર્યા ૨૩ કલાકની થઈ જાય ! એ દિવસોમાં તેઓ યંગ ઈન્ડિયાનું તંત્રીપદ સંભાળતા, તેથી તેના લેખો પણ આગલા દિવસે તૈયાર કરીને જહાજમાં મોકલી દેવા પડે. આ દિવસે તેઓ વહેલી સવારે એક વાગ્યે ઊઠી જતા અને બીજી દિવસે વહેલી સવારે એક વાગ્યા સુધી જાગતા. આમ તેમની દિનચર્યા ૨૩ કલાકની થઈ જતી. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**